આદર્શ નિવાસી શાળાઓમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશ વ્યવસ્થાપૂરી પાડવા કુલઃ રૂા.૨૨૪.૫૮ લાખની મંજુર થયેલ નવી બાબતો અન્વયે કામગીરી કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/ ૨૦૦૭/સીએસ-૨/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૮/૨૦૦૭
7 SEP 2007

વંચાણે લીધા :-

આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ અનશ/૨૦૦૬/ન.બા.૧૦/ગ, તાઃ૩૦/૦૩/૨૦૦૭

ઠ રા વ :-

આદિજાતિ વિકાસ વિભાગના બજેટમાં સૌર ઉર્જાના ઉપયોગ કરવા માટે ૨૦૦૭-૦૮ના નાણાંકીય વર્ષ દરમ્યાન નાણાં વિભાગની મંજુરીથી વિભાગના છાત્રાલયો તેમજ આદર્શ નિવાસી શાળાઓ માટે કુલ રૂા. ૨૨૪.૫૮ લાખની નવી બાબત મંજુર થયેલ છે જે સદરવાઇસ વિગતો અંગેનું પત્રક સામેલ કરેલ છે.

સૌર ઉર્જાનો ઉપયોગ કરી શકાય તે માટે આ વિભાગ પાસે કોઇ તાંત્રિક મહેકમ નથી અને વિભાગ આવી કામગીરી માટે પ્લાન એસ્ટીમેટ તેમજ કામના સુપરવીઝન કરવા માટે સક્ષમ નથી. હાલ ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા તરફથી મૌખીક સંમતિ આપવામાં આવી હતી કે તેમના તરફથી આ બધી કામગીરી નહીં નફો નહી નુકશાનના ધોરણે કરી શકાય છે. ઉપર જણાવ્યા મુજબ રૂા.૨૨૪.૫૮ લાખ પ્લાન ખર્ચ નહી નફો નહી નુકશાનના ધોરણે ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા મારફત કામગીરી કરવા માટે નવી બાબતની મંજુરીના હુકમમાં રાખવામાં આવેલ શરતે ટેન્ડર પ્રક્રિયા ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવઃ ક્રમાંકઃ એસપીઓ /૧૦૨૦૦૫/ ૧૪૦૭/છ,તાઃ૨૨/૧૧/૦૬માં જણાવ્યા મુજબ ઈ-ટેન્ડરીંગની પધ્ધતિઅનુસાર,કરવામાંથી મુકિત આપવા અને ૫૦ ટકા રકમ એડવાન્સ અને ૫૦ ટકા રકમ કામગીરી પુર્ણ થયા પછી કામગીરી ~~દીઠ આપવા માટે ની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.~~

ઉપરોકત નોંધ અન્વયે કાળજી પુર્વકની વિચારણા બાદ ૨૦૦૭-૦૮ના વર્ષ ના આ બાબતના મંજુર થયેલ અંદાજોની મર્યાદામાં આ વિભાગના સરકારી મકાન ધરાવતા કેટલાક છાત્રાલયો/ આદર્શ નિવાસી શાળાઓમાં સૌર ઉર્જા પધ્ધતિ દાખલ કરવા માટે ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા મારફત કામગીરી કરવા માટે અને તે માટે

તે સંસ્થાને જરૂરી એડવાન્સ આપવા માટે, તથા તે ઇ- ટેન્ડરીંગ થી આ કામ કરાવશે તે શરતે તેમને આ કામ આપવાની મંજુરી આપવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંકઃ ૯૩, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ:૨૭૭ શિક્ષણ ,બીસીકે-૧૮૦-અ.જ.જાતિ.ની શાળાઓમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશન વ્યવસ્થા અથવા સામેલ પત્રકમાં દર્શાવેલ સંબંધિત સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે તેમજ તે સદરે ઉધારવાનો રહેશે. સદરહુ ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં નવી બાબતો તરીકે આજ સદર હેઠળ મંજુર થયેલ છે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા:૪/૦૮/૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયંતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
માન. મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી ઉર્જા અને પેટ્રોલ કેમીકલ્સ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી , ઉધોગ અને પ્રવાસન વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા ઉધોગ ભવન , સેકટર-૧૦-એ. ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ રાજકોટ,
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ. (આદિજાતિ વિકાસ )
સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ)
નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલકેટ ફાઇલ.
RAVAL-PRCH-2007-C-S-2-G-8807

## તા:૬/૯/૦૭ના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૦૭/સીએસ-૨/ગ સાથેનું બિડાણ (પત્રક )

| ક્રમ | વિષય | રૂ.લાખમાં | સદરવાર | |
|---|---|---|---|---|
| | છાત્રાલયો:- | | | |
| (૧) | ડી.એસ.ટી. વિસ્તારના ૧૮ સરકારી છાત્રાલયોમાં સૌર વોટર હીટર સીસ્ટમ વસાવવા બાબત.. | ૪૫.૦૩ | <u>DST</u> | ૯૩ -મુખ્ય સદર -૨૨૨૫-અનુસુચિતજાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ:(ખ) સામાજીક સેવાઓ-૦૨-અનુસુચિતઆજિાતિનું કલ્યાણ,૨૭૭: શિક્ષણ, પેટા સદર(૧૫) બીસીકે-૧૭૩ અનુસુચિત જનજાતિના કુમાર અને કન્યા છાત્રાલયની સ્થાપના અને વિકાસની યોજના. |
| .(૨) | ટી.એસ.પી.વિસ્તારના ૧૯ સરકારી છાત્રાલયોમાં સૌર વોટર હીટર સીસ્ટમ વસાવવા બાબત. | ૪૨.૬૦ | TASP | **૯૬, -મુખ્ય સદર - ૨૨૨૫ - અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ: (ખ) સામાજીક સેવાઓ -૦૨-અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ,૭૯૬: આદિજાતિ વિસ્તાર,પેટા યોજના,પેટા સદર(૯) બીસીકે-૧૭૩ અનુસુચિત જનજાતિના કુમાર અને કન્યા છાત્રાલયની સ્થાપના અને વિકાસની યોજના** |
| (૩) | ડી.એસ.ટી. વિસ્તારના ૧૭ સરકારી છાત્રાલયોમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક વ્યવસ્થા પૂરી પાડવા બાબત.. | ૩૦.૫૪ | <u>DST</u> | ૯૩,મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ:(ખ) સામાજીક સેવાઓ ૦૨-અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણસદર : ૨૭૭ : શિક્ષણ, બિન આદિજાતિ વિસ્તાર, પેટા સદર-(૧૫) બીસીકે-૧૭૩ અનુસૂચિત જનજાતિના કુમાર અને કન્યા છાત્રાલયની સ્થાપનાં અને વિકાસની યોજના |
| (૪) | ટી.એસ.પી.વિસ્તારના ૨૩ સરકારી છાત્રાલયોમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક વ્યવસ્થા પૂરી પાડવા | ૪૦.૫૩ | TASP | ૯૬, ટીએએસપી-મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ:(ખ) સામાજીક સેવાઓ ૦૨-અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણસદર : ૭૯૬ : આદિજાતિ વિસ્તાર, પેટા સદર-૯(૯) બીસીકે-૧૭૩ અનુસૂચિત જનજાતિના કુમાર અને કન્યા છાત્રાલયની સ્થાપનાં અને વિકાસની યોજના |
| | કુલ:- | ૧૫૮.૭૦ | | |
| | આદર્શ નિવાસી શાળાઓ:- | | | |
| (૧) | આદર્શ નિવાસી શાળાઓમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશ વ્યવસ્થા. | ૬.૦૦ | <u>DST</u> | ૯૩, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ:૨૭૭ શિક્ષણ ,બીસીકે-૧૮૦-અ.જ.જાતિ.ની શાળાઓમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશન વ્યવસ્થા |
| | | ૨૨.૦૦ | TASP | ૯૬,(આયોજન) ,મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાપ, ૦૩,બી.સી.કે.૧૮૦ આદર્શ નિવાસી શાળાઓમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશ વ્યવસ્થા પૂરી પાડવા બાબત. |
| (૨) | આદર્શ નિવાસી શાળા વઘઇ,જિ. ડાંગમાં વોટર હીટર સીસ્ટમ | ૩.૦૦ | TASP | ૯૬, ૨૫૭૫ અન્ય ખાસ વિસ્તાર કાર્યક્રમ-૦૧-ડાંગ જિલ્લો -૨૮૮- સા.સુરક્ષ -અને ક.આ.વિ.પે.યોજના,(૩)બીસીકે-૧૮૦-આ.નિ.શાળા.વઘઇમાં વોર્ટર હીટર સીસ્ટમ વિકાસાવવા બાબત |
| (૩) | આદર્શ નિવાસી શાળા વઘઇમાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશ વ્યવસ્થા. | ૧.૮૮ | TASP | ૯૬, મુખ્ય સદર:૨૫૭૫ ખાસ વિસ્તાર કાર્યક્ર-૦૧, ડાંગ જિલ્લો, (૩) બીસીકે-૧૮૦ વઘઇ ખાતેની આ.નિ. શાળામાં સૌર ગૃહ વિધુત પધ્ધતિ અને સડક પ્રકાશ વ્યવસ્થા પૂરી પાડવા બાબત. |
| (૪) | આદર્શ નિવાસી શાળાઓમાં વોટર હીટર સીસ્ટમ વિકસાવવા બાબત.. | ૯.૦૦ | <u>DST</u> | ૯૩, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ: -૦૨- અનુસૂચિત જનજાતિઓનં કલ્યાણ, બીસીકે-૧૮૦ આ.નિ. શાળાઓમાં વોટર હીટર સીસ્ટમ વિકસાવવા બાબત |
| | | ૨૪.૦૦ | TASP | ૯૬, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ, જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, : ૭૯૬ : આદિજાતિ વિસ્તાર, પેટા યોજના બીસીકે-૧૮૦-નિવાસી શાળાઓ |